RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 141, Dt.29-08-2024 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# મેઘતાંડવથી ગુજરાતને કરોડોનું નુકસાન

## ૨૫૦૦૦થી વધુ સ્થળાંતરઃ બોટ – હેલીકોપ્ટર સહિત વિવિધ રીતે ૩૦૦૦થી વધુનું રેસ્ક્યૂઃ રાજ્યભરના માર્ગોનું ધોવાણઃ એસટી બસો – ટ્રેનો કેન્સલઃ હજારો વૃક્ષો ધરાશાયી – સેંકડો વિજપોલ જમીનદોસ્તઃ રાજકોટ, વડોદરા, જામનગર, દ્વારકા, મોરબી સહિતના જીલ્લાઓમાં સૌથી વધુ ખાનાખરાબી

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસથી પડી રહેલા અનરાધાર વરસાદને કારણે દક્ષિણ – મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર – કચ્છમાં જળબંબાકારની સ્થિતિ ઉભી થઈ ગઈ છે. નઆફતના વરસાદથને કારણે રાજ્યમાં ઉભા પાક, પાવર સપ્લાય નેટવર્ક, જીલ્લા અને રાજ્ય હાઈવે, સરકારી અને ખાનગી સંપતિઓને કરોડોનું નુકસાન થયું છે. સૌરાષ્ટ્રના અનેક વિસ્તારો તથા વડોદરામાં અનેક વિસ્તારો - સોસાયટીઓ બેટમાં ફેરવાઈ જતાં લોકોની ઘરવખરી, અનાજ, કઠોળ, ઈલેકટ્રોનિક ઉપકરણો સહિતની વસ્તુઓ બગડી ગઈ છે. ઘરોમાં કાદવ – કિચડ ભરાઈ જવાથી લોકોને હાલાકી પડી રહી છે. પૂરપ્રકોપમાં ૨૯ જેટલી માનવ જિંદગી હોમાઈ છે એટલું જ નહિ અનેક લોકો લાપત્તા છે, મોટા પ્રમાણમાં પશુધન પણ તણાઈ જતાં માલધારીઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે, ગુજરાતમાં સપ્લાઈ ચેઈન તૂટી ગઈ છે કારણ કે અનેક જિલ્લાઓના ૫૨૩ માર્ગો બંધ કરી દેવાયા છે તેવામાં શાકભાજી – દૂધની અનેક જગ્યાએ તંગી શરૂ થવા પામી છે. ૫૦ જેટલી ટ્રેનો રદ્દ કરવામાં આવી છે. એસટીના અનેક રૂટ બંધ કરી દેવાયા છે.

છેલ્લા ઘણા દાયકાઓથી વિવિધ સરકારો દ્વારા પૂર નિયંત્રણને લગતી ઘણી યોજનાઓ અને દાવાઓ કાગળ પર રજૂ કરવામાં આવે છે, પરંતુ જમીન પર લોકોને તેનો બહુ ફાયદો થતો જણાતો નથી. આખરે એવું શું કારણ છે કે તમામ સંસાધનો હોવા છતાં દેશના મોટા ભાગના રાજયો દર વર્ષે પૂરને કારણે સર્જાતી તબાહીનો સામનો કરવા મજબૂર બને છે?



તમામ સરકારી આયોજનો કામ ન આવ્યા પરંતુ ન તો પૂરને કાબુમાં લઈ શકાયા કે ન તો તબાહીગ્રસ્ત વિસ્તારોમાં લોકોને બચાવવા માટે કોઈ નક્કર પગલાં લઈ શકાયા. પૂર રાહતના તમામ કાર્યક્રમો માત્ર કાગળ પર જ દેખાતા રહ્યા અને દર વર્ષે વિનાશ બાદ રાહત શિબિરો, ભોજન વિતરણ, હંગામી શિબિરોમાં રોકાઈ જાય છે અને પછી વિનાશગ્રસ્ત લોકોને થોડા હજાર રૂપિયાના રાહત ચેકનું વિતરણ કરવામાં આવે છે, પછી આવતા વર્ષે ચોમાસા અને વરસાદની શરૂઆત થાય છે. પછી એ જ સ્થિતિનું નિર્માણ થાય છે. રાજ્યમાં જળપ્રલયની સ્થિતિ સર્જાતા ખેતરોમાં પાણી ભરાઈ જતા તલ શાકભાજીના પાક તથા બાગાયતી પાકો તબાહ થઈ ગયા છે. ખેડૂતોને મોટું નુકસાન થયું છે. હવે થોડા સમય પછી નુકસાનીનો સર્વે હાથ ધરાશે. સૌથી વધુ નુકસાન વિવિધ માર્ગોને થયું છે. રસ્તાઓ તૂટી ગયા છે, પુલ તૂટી ગયા છે. છેલ્લા ૨૪ કલાકમાં સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ નોંધાયો છે, જેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા ખાતે ૧૮ ઈંચ અને જામનગર શહેરમાં ૧૬ ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. આ અચાનક વરસાદને કારણે લોકજીવન અસરગ્રસ્ત થયું છે અને અનેક વિસ્તારોમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ છે. ભારે વરસાદના કારણે ખેતરોમાં પાણી ભરાઈ જવાથી ખેતીને ભારે નુકસાન થવાની શક્યતા છે.

### અતિવૃષ્ટિને કારણે ભાતીગળ તરણેતરનો મેળો બંધ રહેશે

ભારે વરસાદને કારણે આ વર્ષે વિશ્વ પ્રસિદ્ધ તરણેતરનો મેળો બંધ રહેશે ગ્રામ પંચાયતે મિટિંગ બોલાવી કર્યો ઠરાવ. જીલ્લા કલેકટરને પત્ર મોકલી જાણ કરવામાં આવી.

## ભારે વરસાદથી રાજયનાં ૬૬ સ્ટેટ હાઈવે સહિત ૯૩૯ માર્ગો બંધ : કરોડોનો ખર્ચ પાણીમાં

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજયમાં છેલ્લા ચાર દિવસથી પડી રહેલા સાર્વત્રિક ભારે વરસાદના કારણે માર્ગો જળબંબાકાર થતા અને ગાબડા પડી ખરાબ થઈ જતા કુલ ૯૩૯ માર્ગ બંધ કરવાની તંત્રને ફરજ પડી છે. જેમાં પાંચ નેશનલ હાઈવે, ૬૬ સ્ટેટ હાઈવે, ૨ નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયાના માર્ગ, ૭૭૪ પંચાયતના માર્ગ અને અન્ય ૯૨ માર્ગનો સમાવેશ થાય છે.

સુરેન્દ્રનગર, રાજકોટ, ખેડા, ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લાના માર્ગો સૌથી વધુ અસરગ્રસ્ત થવા પામ્યા છે. કેટલાક માર્ગોની હાલત એટલી ખરાબ છે કે સંપૂર્ણ મરામત વિના વાહન વ્યવહાર માટે મંજૂરી આપી શકાય તેમ નથી.

ગુજરાતમાં અનેક જિલ્લામાં વાહન વ્યવહારને ગંભીર અસર પહોંચી છે. જે નેશનલ હાઈવેને અસર પહોંચી છે તેવા જિલ્લામાં છોટા ઉદેપુર, જામનગર, દેવભૂમિ દ્વારકા અને પોરબંદરના બે માર્ગનો સમાવેશ થાય છે. પંચાયત હસ્તકના ખરાબ થઈ ગયેલા માર્ગોને દુરસ્ત કરાય તે પહેલા વધુ માર્ગોનો તેમાં ઉમેરો થઈ કુલ ૭૮૧ માર્ગ હાલ વિવિધ જિલ્લામાં બંધ સ્થિતિમાં છે. જેમાં પાણી ભરાયાની સ્થિતિનો પણ સમાવેશ થાય છે.

કરોડો રૂપિયાના ખર્ચે બનાવાયેલા માર્ગોની ગુણવતા કેટલી ખરાબ અને તકલાદી છે તે પણ ભારે વરસાદના કારણે બહાર



આવ્યું છે. તંત્ર દ્વારા સ્ટેટ હાઈવે ઉપર ખરાબ માર્ગ અને ગાબડાનું રીપેરીંગ કરીને વાહન વ્યવહાર પૂર્વવત થાય તે માટે સતત કામગીરી ચાલી રહી છે. ગુજરાત ઉર્જા વિકાસ નિગમને ભારે વરસાદ અને પુરની પરિસ્થિતિના કારણે ભારે નુકસાન થઈ રહ્યું છે. કુલ ૯૨૩ ગામમાં વીજ પુરવઠાની અસર થવા પામી હતી. ફીડરને લગતી ૧૬૭૪ મુશ્કેલી, ટ્રાન્સફોર્મર સેન્ટરની ૩૯૧ અને ૨૯૭૪ વીજ થાંભલા પડી જવા પામ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૪૦૪૪ ફરિયાદોમાંથી નિગમ દ્વારા ૩૧૫૩ ગામની ફરિયાદનો ઉકેલ લવાયો છે.

## કાલથી સૌરાષ્ટ્ર - કચ્છમાં મેઘરાજા રાહત આપશે


### હજુ આજે દ્વારકા, પોરબંદર, જામનગર, મોરબી, માળીયામાં ભારેથી અતિભારે વરસાદની શકયતા : રાજય હવામાન વિભાગની આગાહી

**મુખ્ય સમાચાર રાજકોટ**

સૌરાષ્ટ્ર-ગુજરાતને સતત ચાર દિવસથી ધમરોળ્યા બાદ હવે આવતીકાલ શુક્રવારથી રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં મેઘરાજા રાહત આપશે તેવા સંકેત હવામાન વિભાગનાં સુત્રોએ આપેલા છે. જોકે હજુ આજરોજ ગુરૂવારે સૌરાષ્ટ્રનાં અમુક ભાગોમાં મેઘરાજાની સટાસટી યથાવત રહેશે.

રાજય હવામાન વિભાગનાં સતાવાર સુત્રોનાં જણાવ્યા મુજબ બંગાળની ખાડીની સિસ્ટમ હાલ નલિયાનાં અરબી સમુદ્રમાં સક્રિય છે. જેના કારણે છેલ્લા બે દિવસથી સૌરાષ્ટ્રમાં તેજ પવન સાથે ભારે વરસાદ આવી રહ્યો છે.

અને આ સિસ્ટમનાં કારણે હજુ આવતા ૨૪ કલાક સુધી કચ્છ, દ્વારકા,



પોરબંદર, જામનગર, મોરબી અને માળીયા વિસ્તારમાં ભારેથી અતિ ભારે વરસાદ પડવાની શકયતા છે અને આવતીકાલ શુક્રવારથી સૌરાષ્ટ્ર-કચ્છનાં મોટા ભાગનાં વિસ્તારોમાં મેઘરાજા રાહત આપશે અને માત્ર છુટોછવાયો હળવોથી મધ્યમ વરસાદ પડશે તેવું રાજય હવામાન વિભાગ જણાવે છે.

સમગ્ર સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ગત શનિવારથી સક્રિય થયેલી એક સાથે ત્રણ-ત્રણ સિસ્ટમોએ ખાસ કરીને રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છને ધમરોળી નાંખ્યુ હતું અને સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જી સાતમ-આઠમનાં તહેવારોને જળમગ્ન બનાવી દીધા હતા.

રાજકોટની જ વાત કરીએ તો રાજકોટમાં ગત શનિવારની મધરાત્રીથી મેઘરાજાએ ધમરોળવાનું શરૂ કરી દીધુ હતુ અને દશમ એટલે કે ગત બુધવારનાં આખો દિવસ સુધી ધોધમાર વરસાદ વરસ્યો હતો.

હવામાન વિભાગનાં સતાવાર આંકડા મુજબ ગત રવિથી ગુરૂવારે આજ સુધીમાં રાજકોટ શહેરમાં રેકોર્ડબ્રેક ૮૦૦ મી.મી. એટલે કે ૩૨ ઈંચથી વધુ વરસાદ ખાબકી ગયો હતો અને સમગ્ર શહેરને જળબંબાકાર કરી દીધુ હતું. જયારે ફાયર બ્રિગેડનાં આંકડા મુજબ ગત રવિવારથી બુધવાર સાંજે ૫.૩૦ સુધીમાં સેન્ટ્રલ ઝોનમાં ૧૧૨૬, વેસ્ટમાં ૬૭૦ અને ઈસ્ટમાં ૫૩૩ મીમી વરસાદ પડયો હતો.

## ગુજરાતમાં પવન સાથે હજુ ૨૪ કલાક ભારેઃ કચ્છ, દેવભૂમિ દ્વારકા, જામનગર, પોરબંદર, રાજકોટ, મોરબી, જૂનાગઢમાં અતિભારે વરસાદની આગાહી

**મુખ્ય સમાચાર રાજકોટ**

હવામાન વિભાગ દ્વારા આજે (૨૯ ઓગસ્ટ) સવારે ૧૦ વાગ્યે આગાહી કરવામાં આવી છે કે, હજુ પણ દિવસ દરમિયાન કચ્છ અને સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતાઓ છે. કારણ કે, ડીપ ડિપ્રેશન આગળ વધીને નબળું પડ્યા બાદ ડિપ્રેશનમાં ફેરવાયું છે, પરંતુ તેની અસર હજુ પણ યથાવત્ રહેશે. જેથી આજે સૌરાષ્ટ્ર અને કચ્છના ભાગોમાં ભારે વરસાદ રહેશે. જ્યારે સૌરાષ્ટ્રના અન્ય જિલ્લાઓમાં અને ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદ વરસી શકે છે. આ



ઉપરાંત દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત સહિતના ભાગોમાં આજે દિવસ દરમિયાન મધ્યમથી ભારે વરસાદ વરસી શકે છે. ઉલ્લેખનીય છે કે, આગામી ૨૪થી ૩૬ કલાકમાં ડિપ્રેશન પાકિસ્તાન તરફ આગળ વધી જશે અને ગુજરાત પર તેની અસર હળવી થતાં અતિભારેથી વરસાદમાંથી હાશકારો મળશે.

હવામાન વિભાગની દર ત્રણ કલાકની આગાહી અનુસાર, આજે બપોરના ૧:૦૦ વાગ્યા સુધીમાં કચ્છ અને સૌરાષ્ટ્રના ભાગોમાં ગાજવીજ સાથે અતિભારે વરસાદની શક્યતાઓ છે. જેમાં કચ્છ, દેવભૂમિ દ્વારકા, જામનગર, પોરબંદર, રાજકોટ, મોરબી, જૂનાગઢમાં અતિભારે વરસાદની શક્યતાઓ છે. આ સાથે જ ૫૫થી ૬૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. તદ્ઉપરાંત સૌરાષ્ટ્રના અન્ય જિલ્લાઓમાં જેમ કે, સુરેન્દ્રનગર, બોટાદ, અમરેલી, ગીર સોમનાથ અને દીવમાં ભારે વરસાદની સાથે મેઘગર્જના સહિત ૪૫થી ૫૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે.


આ ઉપરાંત રાજ્યના બાકીના જિલ્લાઓમાં એટલે કે, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં આજે મધ્યમથી ભારે વરસાદની શક્યતાઓ છે. આ સાથે વરસાદ દરમિયાન મેઘગર્જનાની પણ ચેતવણી આપવામાં આવી છે. હજુ આજે પણ ગુજરાતમાં વરસાદી માહોલ યથાવત્ રહેતા માછીમારોને દરિયો ન ખેડવા પણ સૂચના આપવામાં આવી છે.

## દીકરીઓની લગ્નની વય ન્યુનતમ ૨૧ વર્ષ કરનાર હિમાચલ પ્રથમ રાજય બન્યું

### બાલવિવાહ પ્રતિષેધ વિધેયક મંગળવારે વિધાનસભામાં પસાર કરાયું હતું

**મુખ્ય સમાચાર,સિમલા**

દિકરીઓના લગ્નની વયને લઈને હિમાચલ પ્રદેશે નવી પહેલ કરી છે. દીકરીના લગ્નની લઘુતમ વય ૨૧ વર્ષ કરનાર પ્રથમ રાજ્ય બનશે. રાજયની બધી દીકરીઓ ઉચ્ચ શિક્ષણ મેળવીને કેરિયર બનાવી શકે એટલા માટે રાજયની કોંગ્રેસ સરકારે મોટો નિર્ણય લીધો છે.



બાલવિવાહ પ્રતિષેધ (હિમાચલ પ્રદેશ સંશોધન) વિધેયક મંગળવારે વિધાનસભામાં પસાર કરાયું હતું. આ વિધેયક કોઈપણ ચર્ચા વિના પસાર થયું હતું. હવે રાજયપાલની મંજુરી બાદ રાજયમાં લાગુ પડશે. ઉલ્લેખનીય છે કે, દેશમાં લગ્ન માટે છોકરીઓની ન્યુનતમ વય ૨૧ વર્ષ કરવા માટે કેન્દ્ર સરકાર ૨૦૨૧થી પ્રયાસ કરી રહી છે. જયા જેટલીની અધ્યક્ષતામાં રચાયેલ ટાસ્ક ફોર્સે ભલામણ કરી હતી કે છોકરીઓની વય ૨૧ વર્ષ હોવી જોઈએ.


# માનસિક બીમાર માતાનું ગળું દબાવી હત્યા કરતો કળિયુગનો શ્રવણ

## યુનિવર્સિટી રોડ પર ભગતસિંહ ગાર્ડન પાસે આવેલ આરએમસી ક્વાર્ટર માં બનેલો બનાવઃ વહેલી સવારે માતાની હત્યા કરી પુત્રએ મિત્રને ફોન કરી જાણ કરી હતીઃ મિત્રએ પોલીસને જાણ કરતા ગાંધીગ્રામ-૨ યુનિવર્સિટી પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ શહેર અને ગ્રામ્યમાં ધોધમાર વરસાદના કારણે રાજકોટ વાસીઓ લોકમેળાની મજા માણી શક્યા ન હોય અને ના છૂટકે લોકોને ઘરમાં જ રહેવાની ફરજ પડી હોય ત્યારે શહેરમાં કોઈ અનિચ્છનીય બનાવ કે મારામારીનો બનાવ બનવા પામ્યો ન હતો પરંતુ પોલીસ દ્વારા નીચાણ દ્વારા વિસ્તારોમાં પાણીમાં ફસાયેલા લોકો ને રેસ્ક્યુ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી તે દરમિયાન આજે સવારથી જ મેઘરાજાએ વિરામ લીધો હોય અને શહેરના રસ્તાઓ પર પાણી પોસરાયા હોય ત્યારે લોકો ની અવરજવર જોવા મળી રહી હતી તે વચ્ચે આજે સાતમ આઠમના તહેવારો પૂર્ણ થયા બાદ યુનિવર્સિટી રોડ પર આવેલ ભગતસિંહ ગાર્ડન સામે આરએમસી ના ક્વાટર માં માનસિક બીમાર માતાની કળિયુગ ના શ્રવણે ગળું દબાવી હત્યા કર્યાનો બનાવો પ્રકાશમાં આવતા ભારે ચકચાર મચી જવા પામી છે.

આ અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ શહેરની ભાગોળે આવેલા યુનિવર્સિટી રોડ પર ભગતસિંહ ગાર્ડન સામે આરએમસી ક્વાટર માં બીજા મળે રહેતી અને છેલ્લા ઘણા સમયથી માનસિક બીમાર રહેતી જ્યોતિબેન જસમતભાઈ ગોસાઈ ઉંમર ૪૮ નામની મહિલા વહેલી સવારે પોતાના ઘરે બેભાન હાલતમાં મળી આવતા પાડોશી દ્વારા ૧૦૮ ને જાણ કરવામાં આવતા ઈએમટી ઘનશ્યામભાઈ સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયા હતા મહિલાને જોઈ તપાસી ૧૦૮ ના સ્ટાફે મૃતક જાહેર કરી પોલીસને જાણ કરી હતી બનાવના પગલે







(તસ્વીરઃ આનંદ જાવિયા)

ગાંધીગ્રામ પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. આ ઘટના બાદ શહેર પોલીસ કંટ્રોલ રૂમમાં એક જાગૃત નાગરિક દ્વારા પોલીસને ફોન કરીને જાણ કરવામાં આવી હતી કે તેનો મિત્ર નિલેશ નો તેને સવારે ફોન આવ્યો હતો અને કહેતો હતો કે તેની માનસિક બીમાર માતા જ્યોતિબેન ગોસાઈ નું પોતે ગળું દબાવી તેની હત્યા કરી નાખી હોવાનું જણાવતા પોલીસને જાણ કરવામાં આવી હતી બનાવના પગલે ગાંધીગ્રામ બે યુની પોલીસના પીઆઈ એમ જે વસાવા રાઈટર પ્રવીણભાઈ સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયા હતા.

# જામનગર જિલ્લાના બાલંભા ગામે ફસાયેલા ૮૩ લોકોનું SDRFની ટીમ દ્વારા દીલધડક રેસ્ક્યુ ઓપરેશન





જામનગર જિલ્લાના જોડિયા તાલુકામાં પડેલ ભારે વરસાદ તથા ઉપરવાસમાં પડેલ વરસાદના કારણે આજી-૪ ડેમના પાણીના પ્રવાહના લીધે બાલંભા ગામે ખેતર વિસ્તારમાં પાણી ફરીવળતા ખેતમજુર કુટુંબ સાથે ફસાઈ ગયા હતા.આ મેસેજ મળતા બાલંભા સરપંચ તથા સ્થાનિક લોકોએ રેસ્ક્યુ માટે પ્રયત્ન કરેલ. જે સફળ ન થતા તાલુકા કક્ષાએથી જિલ્લા કંટ્રોલ રૂમને મદદ માટે જાણ કરતા જિલ્લા કક્ષાએથી કલેક્ટર બી. કે. પંડયા દ્વારા તાત્કાલિક જઉછ્ઋની ટીમ મોકલતા આજે સવારથી જઉછ્ઋ ટીમ મારફતે પ્રાંત અધિકારી ધ્રોલ વી.ડી. સાકરીયાના માર્ગદર્શન તળે ચાલુ વરસાદમાં રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરવામાં આવ્યુ હતું. જેમાં ૩૬ પુરુષ, ૧૯ સ્ત્રી, ૨૮ બાળકો મળી કુલ ૮૩ લોકોનું સફળતા પૂર્વક રેસ્ક્યુ કરવામાં આવ્યુ છે.આ રેસ્ક્યુ ઓપરેશનમાં જિલ્લા વહીવટી તંત્ર સાથે ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા, તાલુકા પંચાયત અને મામલતદાર ઓફિસ જોડિયાના અધિકારીઓ, પોલીસ સહિતનાઓએ સફળતા પૂર્વક રેસ્ક્યુ ઓપરેશનની સરાહનીય કામગીરીમાં સહયોગ આપી લોકોની મહામુલી જિંદગી બચાવવામાં મદદરૂપ થતાં સમગ્ર પરિવારે તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો.

## મોરબીમાં ભારે વરસાદને લઈ પ્રભારી મંત્રી પ્રફુલ પાનશેરિયાની અધ્યક્ષતામાં મિટિંગ યોજાઈ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીમાં ભારે વરસાદને લઈને વીજળી ગુલ ,રોડ રસ્તા તૂટવા,તેમજ ફસાયેલા લોકોના રેસ્ક્યું કરવા સહિતની કામગીરી ને લઈ ને પ્રભારી મંત્રી પ્રફુલ પાનસેરિયા ની અધ્યક્ષતામાં મિટિંગ યોજવામાં આવી હતી અને તમામ નુકશાન,ખાના ખરાબી અંગે માહિતી મેળવી અને આગામી સમયમાં ડેમેજ કંટ્રોલ માટે કરવામાં આવનાર કામગીરી અંગે પ્લાનિંગ કરવામાં આવ્યું હતું.



આ તકે પ્રફુલ પાનસેરિયાએ જણાવ્યું હતું કે મોરબી જિલ્લામાં ૯૭ જેટલા ગામોમાં વીજળી ગુલ થઈ હતી જેમાં હાલમાં ૨૮ જેટલા ગામો હજુ પણ વીજળી ગુલ છે અને આ ગામો માં પણ આજે રાત્રે યુદ્ધ ના ધોરણે કામગીરી કરી સવાર સુધીમાં વીજ પૂરવઠો પૂર્વવત કરવામાં આવશે તેમજ રોડ રસ્તા તૂટ્યા છે ત્યાં પણ ત્યાં પણ હાલ યુદ્ધ ના ધોરણે કામ કરવામાં આવી રહ્યું છે સાથે જ કચ્છ મોરબી હાઈવે પર પણ રીપેરીંગ કામગીરી શરૂ કરવામાં આવી છે અને સવારે ૧૦ વાગ્યા સુધીમાં રસ્તો તમામ વાહનો માટે ખુલ્લો મૂકી દેવામાં આવશે.તેમજ મોરબી જિલ્લામાં ૨૧ જેટલા સફળ રેસ્ક્યું ઓપરેશન કરવામાં આવ્યા હતા.મોરબી જિલ્લા વહીવટી તંત્ર,ડીડીઓ,પોલીસ તંત્ર તેમજ જિલ્લાના તમામ સાંસદો, ધારાસભ્યો સહિતના ઓ એ ખૂબ મહેનત કરી ને કામગીરી કરી છે.

આ સાથે જ રેડ એલર્ટ માંથી બહાર નીકળ્યા બાદ મોરબી જિલ્લામાં સાફ સફાઈ અભિયાન પણ કરવામાં આવશે જેમાં મોરબી જિલ્લા ની દરેક નગરપાલિકામાં વહીવટી તંત્રના એક એક અધિકારીને મોકલવામાં આવશે અને તુરંત સફાઈ ની કામગીરી કરવામાં આવશે.

## જામનગર જિલ્લામાં અતિવૃષ્ટિના લીધે સર્જાયેલી પરિસ્થિતિ અંગે મંત્રી મૂળુભાઈ બેરાએ કલેક્ટર કચેરી ખાતે સમીક્ષા બેઠક યોજી

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર જિલ્લાના પ્રભારી મંત્રી મૂળુભાઈ બેરાએ જામનગર કલેક્ટર કચેરી ખાતે પ્રભારી સચિવ અનુપમ આનંદ અને સાંસદ પૂનમબેન માડમની ઉપસ્થિતિમાં જિલ્લામાં અતિવૃષ્ટિના પરિણામે સર્જાયેલી પરિસ્થિતિનો તાગ મેળવવા કલેક્ટર બી.કે.પંડ્યા તથા વિવિધ વિભાગના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી.આ બેઠકમાં મંત્રી મૂળુભાઈ બેરાએ પાણીના પ્રવાહમાં ફસાયેલા લોકોનું આર્મી, એરફોર્સ, એસડીઆરએફની ટીમની મદદથી રેસ્ક્યુ કરવા તેમજ અસરગ્રસ્ત લોકોને ફૂડ પેકેટ પહોંચાડવા માટે જણાવ્યું હતું. તેમજ જામનગર શહેર અને જિલ્લાની હાલની પરિસ્થિતિ અંગે અધિકારીઓ પાસેથી જરુરી વિગતો મેળવી હતી. જેમાં માર્ગ




અને મકાન વિભાગ સ્ટેટના હાલ બે રસ્તાઓ જેમાં જામનગર-લાલપુર-પોરબંદર અને જામનગર-સમાણા-ફૂલનાથ રોડ બંધ છે. માર્ગ અને મકાન વિભાગ પંચાયતના ૪૮ રસ્તાઓ ઓવર ટોપિંગના લીધે બંધ છે.માછીમારી કરવા ગયેલ ૧૯૭ બોટ પૈકી ૧૧૨ માછીમારો સાથેની ૨૦ બોટ અન્ય બંદરો પર સલામત સ્થળે છે અને બાકીની બોટો પરત ફરી ગઈ છે. અન્ય કોઈ નુકશાની સર્જાઇ નથી. જામનગર જિલ્લાના ૩૩૫ જેટલા ગામડાઓમાં વીજ પુરવઠો ખોરવાયો છે. ૧૯ જેટલા ફિડરો સલામતીના ભાગરૂપે બંધ રાખવામાં આવ્યા છે. પીજીવીસીએલની ૨૦૦ જેટલી ટીમો હાલ વીજપુરવઠો પૂર્વવત કરવામાં કામે લાગી છે.આરોગ્ય વિભાગ દ્વારા ૮૦ જેટલી સગર્ભાઓને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. જીજી હોસ્પિટલમાં પણ ઈમરજન્સીની સ્થિતિને પહોચી વળવા માટે તમામ વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

જામનગર શહેરમાં નીચાણવાળા વિસ્તારોમાં અનેક જગ્યાઓ પર પાણી ભરાયા હોવાથી લોકોને ફૂડ પેકેટ આપવાની અને રેસ્ક્યૂની કામગીરી ફાયર વિભાગ, એનડીઆરએફ, આર્મી અને પોલીસ વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે.

મંત્રીએ બેઠકમાં ઉપસ્થિત તમામ પદાધિકારિઓ, અધિકારીને સૂચન આપતા જણાવ્યું હતું કે લોકોની સલામતી અને સુરક્ષાએ આપણી જવાબદારી છે. માટે સૌએ આયોજન સાથે આ કુદરતી આફતમાં ઝીરો કેઝ્યૂલીટીના એપ્રોચ સાથે સતર્કતા અને તત્પર રહી કામગીરી કરવી જોઈએ.આ બેઠકમાં મેયર વિનોદભાઈ ખીમસુર્યા, કમિશ્નર ડી.એન.મોદી, ધારાસભ્યો દિવ્યેશભાઈ અકબરી, રીવાબા જાડેજા, જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, અધિક નિવાસી કલેકટર બી.એન.ખેર, જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ, અગ્રણીશ્રીઓ, પ્રાંત અધિકારીઓ વગેરે ઉપસ્થિત હતા.

## મોરબી જીલ્લા પોલીસ ટીમે કુદરતી આપદા સમયે માનવતા મહેકાવી,વિવિધ સ્થળોએ જરૂરિયાતમંદો માટે ચીજવસ્તુઓની વ્યવસ્થા કરાઈ




**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીમાં ભારે વરસાદ અને પુર જેવી કુદરતી આપદાની પરિસ્થિતિ વચ્ચે મોરબી જીલ્લા પોલીસના વિવિધ પોલીસ મથકોની ટીમ દ્વારા વિવિધ સ્થળોએ લોકોની જરૂરિયાત મુજબ વરસાદી પડતા પાણી વચ્ચે ખડેપગે રહી લોકોને જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ, ફૂડ પેકેટ, ચા-નાસ્તો તથા વરસાદમાં ઘરોમાં પાણી ભરાઈ ગયા હોય તેમજ વરસાદમાં પલળતા લોકોને સલામત સ્થળે ખસેડવા સહિતની કામગીરી હાથ ધરી હતી.

મોરબી જીલ્લાના ટંકારા પોલીસ મથક ટીમ દ્વારા સલામત સ્થળે ખસેડવામાં આવેલ જરૂરિયાતમંદ નાગરિકોની મુલાકાત કરી તેઓને જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ ઉપલબ્ધ કરાવવામાં આવેલ હતી જ્યારે વાંકાનેર સીટી પોલીસ મથક દ્વારા પેટ્રોલ પંપ ની બાજુમાં અરુણોદય સોસાયટી, ખાડીપરા, નવાપરા, હસનપર, વિસીપરા, શક્તિપરા વિસ્તારના ઘરોમાં ભારે વરસાદી પાણી ભરાઈ ગયાની સ્થિતિ વચ્ચે ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. તો બીજીબાજુ મોરબી જીલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા કચ્છ-મોરબી હાઈ-વે બંધ હોય જેથી વાહનવ્યવહાર ડાઈવર્ટ કરવામાં આવેલ છે ત્યારે લોકોને ધીરજથી અને સાવચેતી રાખી વાહન ચલાવવા સુચના આપવામાં આવી તેમજ રસ્તામાં અટવાયેલા ભારે વાહનના ચાલકોને ચા-પાણી તથા નાસ્તાની વ્યવસ્થા કરી આપવામાં આવી હતી. મોરબી તાલુકા પોલીસ ટીમ દ્વારા સતત ભારે પવન સાથે પડતા વરસાદ વચ્ચે ઓવરબ્રિઝ ઉપર વરસાદમાં પલળતા માનસિક અસ્વસ્થ જેવા લાગતા નાગરિકને નાસ્તો કરાવી સલામત સ્થળ ઉપર ખસેડવામાં આવ્યા હતા.

## મોરબી જિલ્લાના ૧૦ માંથી ૯ ડેમ ઓવરફ્લો; નદીઓ બે કાંઠે વહેતી થઈ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી જિલ્લામાં છેલ્લા બે દિવસથી પડી રહેલા અનરાધાર વરસાદને પગલે જિલ્લાના લગભગ તમામ ડેમ ઓવરફ્લો થઈ ચૂક્યા છે. જિલ્લાની તમામ નદીઓ બે કાંઠે વહી રહી છે.

મોરબી રીજનલ ફ્લ્ડ સેલના અહેવાલ મુજબ હાલની વર્તમાન પરિસ્થિતિ મુજબ મચ્છુ-૧ ડેમ ૧૦૦% ભરાઈ ચૂક્યો છે. ડેમમાં હાલ ૬૦,૧૯૯ ક્યુસેક પાણીની આવક ચાલુ છે. સામે ડેમ ૪.૨ ફૂટ ઓવરફ્લો થઈ રહ્યો છે અને ૬૦,૧૯૯ ક્યુસેક પાણી આઉટફલો થઈ રહ્યો છે. મચ્છુ-૨ ડેમ ૧૦૦% ભરાઈ ચૂક્યો છે. મચ્છુ-૩ ડેમ ૧૦૦% ટકા ભરાયેલો છે.

ડેમી-૧ ડેમ ૧૦૦% ભરાઈ ચૂક્યો છે. ડેમમાં ૨૦,૫૪૭ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે, ડેમમાં ૨.૫૯ મીટર ઓવરફ્લો થઈને ૨૦,૫૪૭ ક્યુસેક પાણી આઉટફ્લો થઈ રહ્યો છે. ડેમી-૨ ડેમ ૧૦૦% ભરાઈ ચૂક્યો છે. ડેમમાં ૨૪,૮૨૮ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે, સામે ડેમના ૪ ગેટ ૬ ફૂટ તથા ૨ ગેટ ૭ ફૂટ ખોલીને ૨૪,૮૨૮ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. ડેમી-૩ ડેમ ૧૦૦% ટકા ભરાઈ ચૂક્યો છે. ડેમમાં ૫૨,૦૦૦ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે, સામે ૯ ગેટ ૯ ફૂટ જેટલા ખોલી ૪૭,૫૭૪ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. બ્રાહ્મણી-૧ ડેમ ૯૦.૮૭ ટકા ભરાયો છે. બ્રાહ્મણી-૨ ડેમ ૫૭.૩૩% ભરાયો છે. ડેમમાં ૩૪૬૬ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે, ડેમનું લેવલ જાળવવા માટે ૪ ગેટ ૧ ફૂટ ખોલીને ૩૯૬૬ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે.



ઘોડાધ્રોઈ ડેમ ૧૦૦ ટકા ભરાઈ ચૂક્યો છે. ડેમમાં હાલ ૩૦૫૨.૭૮ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે, સામે ૨ ગેટ ૦.૩૦ મીટર ખોલીને ૩૦૫૨.૮ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. બંગાવડી ડેમ ૧૦૦ ટકા ભરાઈ ચૂક્યો છે. ડેમમાં હાલ ૨૮૨૫ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે, ડેમ ૦.૫૦ મીટર ઓવરફ્લો થઈ રહ્યો છે, જેથી ૨૮૨૫ ક્યુસેક પાણી આઉટફ્લો થઈ રહ્યો છે.

જિલ્લાના લગભગ તમામ ડેમ છલકાઈ ગયા છે, નદીઓમાં ઘોડાપૂર આવ્યા છે, ત્યારે જિલ્લા વાસીઓને આ પરિસ્થિતિમાં ડેમ સાઈટ કે નદી-નાળા નજીક ન જવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે. ઉપરાંત નીચાણવાળા વિસ્તારો પણ ખાલી કરાવવામાં આવ્યા છે.

## રાજુલા-વીજપડી રોડ પર વૃક્ષ ધરાશાઈ થતાં તંત્ર દ્વારા તાકીદે હટાવી માર્ગ ખુલ્લો કરાયો

**મુખ્ય સમાચાર,રાજુલા**

હવામાન વિભાગની આગાહીના પગલે રાજ્યમાં વરસાદી માહોલ છવાયો છે. ત્યારે રાજુલા પંથકમા પણ પવન સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. અને ભારે પવનને કારણે રાજુલા-વીજપડી રોડ પર ધારેશ્વર ગામ નજીક ચાંદલીયા ડુંગર વિસ્તારમાં માર્ગ પર એક વૃક્ષ ધરાશાય થયું હતું. વૃક્ષ ધરાશાય થતાં માર્ગ બંધ થયો હતો. આ ઘટનાની જાણ થતાં રાજુલા પોલીસ સ્ટાફ તેમજ રેન્જ ફોરેસ્ટ ઓફીસર એસ.એમ.મકરાણી અને વનવિભાગ સ્ટાફ તેમજ આરએનબી ટીમ સ્થળ પર પહોંચી હતી અને ધરાશાય થયેલ વૃક્ષને હટાવવામા માટે કામગીરી હાથ ધરવામા આવી હતી. અને ભારે જહેમત બાદ વૃક્ષને હટાવી માર્ગને ખુલ્લો કરવામાં આવ્યો હતો ત્યારે



વાહન ચાલકો અને રાહદારીઓયે તંત્રની કામગીરીને બિરદાવી હતી સાથોસાથ હવામાન વિભાગની આગાહીના પગલે તંત્ર દ્વારા પણ નાગરીકોને સાવચેત અને સલામત રહેવા માટે અપીલ કરી છે

### રાજુલા મામતદાર સહિતની ટીમ દ્વારા દરિયાઈ પટ્ટીના ગામોની મુલાકાત લેવામાં આવી



રાજુલા મામલતદાર એ કે શ્રીમાળી તેમજ તેમના સ્ટાફ દ્વારા અતિ ભારે વરસાદીના આગાહી પગલે રાજુલા તાલુકાના દરિયાઈ પટ્ટીના ગામો જેવાકે ચાંચ, ખેરા અને પટવા સહિત ગ્રામજનોની મુલાકાત લેવામાં આવી હતી અને કોજવેનુ પણ નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ તેમજ ગામમાં અતિ ભારે વરસાદની સ્થિતિ વખતે શેલ્ટર હોમમાં સ્થળાંતરિત થઈ જવા અંગે સમજુત કરવામાં આવ્યા.

## મોરબીમાં પૂરની પરિસ્થિતિ વચ્ચે સરવડ આરોગ્ય કેન્દ્ર ખાતે અડધી રાતે સફળ પ્રસૂતિ કરાઈ

■ હાલ માતા અને બાળકની તબિયત તંદુરસ્ત

**મુખ્ય સમાચાર,મોરબી**

હવામાન વિભાગ દ્વારા રેડ એલર્ટની આગાહી વચ્ચે મોરબી જીલ્લામાં પડી રહેલા ભારે વરસાદ વચ્ચે આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવેલા પૂર્વ આયોજન અન્વયે સગર્ભા મહિલાઓની ખાસ સારસંભાળ રાખવામાં આવી રહી છે. ત્યારે માળીયા તાલુકાના સરવડ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે રાત્રે ૧૨:૨૦ કલાકે આરોગ્ય સ્ટાફ દ્વારા સફળ પ્રસૂતિ કરાવવામાં આવી હતી.



માળિયા વાડા વિસ્તારમાં રહેતા સગર્ભા મહિલાને પ્રસૂતિની પીડા ઉપડતા તેમને સી.એચ.સી. માળિયાના બિલ્ડિંગમાં આશરે ૨ ફુટ જેટલું પાણી ભરાયું હોવાથી પુરના પાણી વચ્ચેથી સરવડ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની એમ્બ્યુલન્સમાં સગર્ભા બેનને રાતે ૧૧.૩૦ વાગ્યે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સ્ટાફ તેમજ આશાબહેન દ્વારા સરવડ આરોગ્ય કેન્દ્રમાં લઈ આવી દાખલ કરવામાં આવ્યા હતા. જે સગર્ભા બહેનની પ્રાથમિક આરોગ્ય સરવડ ખાતે ૨૭ ઓગસ્ટ ૨૦૨૪ ના રોજ રાત્રે ૧૨:૨૦ વાગ્યે આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફિસર ડો.અક્ષય સુરાણી અને સ્ટાફ દ્વારા સફળતાપૂર્વક નોર્મલ ડિલિવરી કરાવવામાં આવી હતી. જન્મ સમયનું બાળકનું વજન ૨.૮ કિગ્રા છે અને હાલ માતા અને બાળકની તબિયત તંદુરસ્ત છે.

# જામનગરમા ધોધમાંર વરસાદથી વિકરાળ સ્થિતિ, લોકોના જીવન અને મિલકતને ભારે નુકસાન





જામનગરમા ધોધમાર વરસાદથી વિકરાળ સ્થિતિ લોકોના જીવન અને મિલકતને ભારે નુકસાન.લોકોના ઘરોમાં પાણી ઘૂસી જવાથી ઘરવખરી, અનાજ, કઠોળ અને ઈલેક્ટ્રોનિક ઉપકરણો સહિતની વસ્તુઓ બગડી ગઈ છે. ઘરોમાં કાદવ કિચડ ભરાઈ જવાથી લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.છેલ્લા ત્રણ દિવસથી જામનગર શહેરમાં અનરાધાર વરસાદ વરસી રહ્યો છે, જેના કારણે શહેરમાં જળબંબાળ જેવી સ્થિતિ સર્જાઈ છે. ભારે વરસાદને કારણે શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાયા છે, ઘરોમાં પાણી ઘૂસી ગયા છે અને લોકોના જીવન અને મિલકતને ભારે નુકસાન થયું છે.શહેરના નવાગામ ઘેડ ઈન્દિરા ભીમવાસ રણજીતસાગર રોડ, સરદાર પાર્ક, વ્રજ, આશીર્વાદ, મંગલદીપ સહિતના વિસ્તારોમાં પાણી ભરાયા છે. ઘરોમાં પાણી ઘૂસી જવાથી ઘરવખરી, અનાજ, કઠોળ અને ઈલેક્ટ્રોનિક ઉપકરણો સહિતની વસ્તુઓ બગડી ગઈ છે. ઘરોમાં કાદવ કિચડ ભરાઈ જવાથી લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.ઉપરવાસમાં ભારે વરસાદને કારણે રંગમતી નદી બે કાંઠે વહી રહી છે. જામનગર જિલ્લાના તમામ જળાશયો ઓવરફ્લો થઈ ગયા છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને જિલ્લા કલેક્ટર દ્વારા રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.ગઉછ્રત્ની ટીમને રાહત અને બચાવ કામગીરી માટે તૈનાત કરવામાં આવી છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પાણી ભરાયેલા વિસ્તારોમાંથી લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ ભારે વરસાદને કારણે જામનગર શહેરનું જીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. લોકોને રોજિંદા જીવન જીવવામાં ભારે મુશ્કેલીઓ પડી રહી છે. શહેરના વેપાર–ધંધા પણ પ્રભાવિત થયા છે.જામનગર નગરપાલિકા દ્વારા પાણી નિકાલની કામગીરી ઝડપથી કરવામાં આવી રહી છે.

## માધાપર ચોકડીએ દેવદૂત બનેલી પોલીસે વૃદ્ધ દર્દીને ઉચકીને પોલીસવાનમાં બેસાડી હોસ્પિટલે પહોંચાડ્યા



રાજકોટમાં ભારે વરસાદને લીધે અનેક રસ્તાઓ પાણીમાં ગરકાવ થઈ ગયા છે ત્યારે શહેરની માધાપર ચોકડી પાસે વરસાદી પાણીમાં એક કાર ગરકાવ થઈ જતા ફરજ પર હાજર પોલીસ મદદે દોડી ગઈ હતી તપાસ કરતા વૃદ્ધ દર્દીને દીવથી રાજકોટ ખસેડાયા હોવાનું જાણવા મળતા તુરંત તેમણે પોલીસમેને ઉચકીને પોલીસવેનમાં બેસાડી હોસ્પીટલે ખસેડ્યા હતા પરિવારે પણ પોલીસનો આભાર માન્યો હતો.રાજકોટની માધાપર ચોકડીએ પાણી ભરાઈ ગયું હોય અનેક ગાડીઓ પણ બંધ પડી ગઈ હોય અન્ય કોઈ જાનહાની ન થાય તે માટે પોલીસ સ્ટાફ ખડેપગે હતો દરમિયાન એક કાર પાણીમાં ફસાઈ જતા ફરજ પર રહેલ મૂળ ટંકારાના ગણેશપરના હેડ કોન્સ્ટેબલ મિતુલભાઈ પાલરીયા સહિતના દોડી ગયા હતા કારમાં બેઠેલા લોકોને પુછતાછ કરતા તે લોકો વૃધ્ધાને સારવાર અર્થે રાજકોટ લાવ્યા હોવાનું જણાવતા જમાદારે વૃધ્ધાને ઉચકીને સરકારી પોલીસવેનમાં બેસાડ્યા હતા અને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પીટલે ખસેડ્યા હતા પોલીસનું માનવતાવાદી વલણ જોઈ પરિવારે પણ પોલીસનો આભાર માન્યો હતો.

## હજુ ૭૨ કલાક વરસાદી આગાહીના પગલે રાજકોટ શહેર-જીલ્લાની અદાલતોમાં ૩૧મી સુધી રજાનો માહોલ

### રાજકોટ બાર એશો. દ્વારા આગામી ત્રણ દિવસ સુધી દરેક કેસોમાં યથાવત સ્થિતિ જાળવી રાખવા ન્યાયાધીશોને વિનંતી કરાઈ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સમગ્ર ગુજરાતભરમાં છેલ્લા ચાર દિવસથી વરસાદ વરસી રહ્યો છે. ત્યારે હવમાન ખાતાની આગાહી મુજબ હજુ ૭૨ કલાકે સૌરાષ્ટ્ર-કચ્છ અને ગુજરાત ઉપર ભારી હોય તેની અગમચેતીના ભાગરૂપે ગુજરાત હાઈકોર્ટના સરક્યુલર આદેશના પગલે ગુજરાતની તમામ તાળાની કોર્ટોમાં રજ જેવો માહોલ સર્જાયો છે. ત્યારે રાજકોટ શહેર જીલ્લાના કોર્ટોમાં આજે તા. ૨૯ થી ૩૧ ઓગષ્ટ સુધી દરેક કેસોની મેટરોમાં યથાવત સ્ટેજ જાળવી રાખવા તમામ કોર્ટોના ન્યાયાધીશોને એક પત્ર પાઠવીને રાજકોટ બાર એસો. દ્વારા ઉપરોક્ત ત્રણ દિવસ દરમ્યાન યથાવત સ્થિતિ જાળવી રાખવા વિનંતી કરવામાં આવી છે.

હવામાન વિભાગ દ્વારા હજુ ૭૨ કલાક સુધી ભારે વરસાદની આગાહી કરેલ હોય જે કારણે રાજકોટ કલેકટર દ્વારા પણ સ્કુલોમા બે દિવસ રજાઓ લંબાવી દિધેલ હોય ઉપરાંત હાઈકોર્ટે દ્વારા પણ સકર્યુલર દ્વારા રાજ્યમાં ભારે વરસાદ ની પરિસ્થિતિ લક્ષે લઈ તાલુકા અને જિલ્લા લેવલે યોગ્ય નીર્ણય લેવા જણાવવામા આવેલ હોય તદઉપરાંત અન્ય જિલ્લાઓમાંથી આવતા પક્ષકારો, તપાસ કરનાર અધિકારીઓ, વકીલો વગેરેને પણ મુશ્કેલીઓનો સામનો કરવો ન પડે અને અગાઉના બે દિવસના ઠરાવ ને રાજકોટ જિલ્લા અદાલતના ન્યાયધીશો દ્વારા જે તે કેસોના યથાવત સ્ટેજ રાખી ખૂબ જ સારો સાથ અને સહકાર આપેલ છે તેનો આભાર બાર એસો.એ માનેલ છે.



વધુમાં હજુ ત્રણ દિવસ ગુજરાત રાજ્યમા હેવી રેઈન ની પરિસ્થિતિ ધ્યાને લઈ સાક્ષીઓ, વકીલો, પક્ષકારો, કોર્ટ સ્ટાફ, ન્યાયધીશ અને તેમના પરિવારજનોના હિત ખાતર આગામી તા.૨૯/૦૮/૨૦૨૪ થી તા.૩૧/૦૮/૨૦૨૪ સુધી ત્રણ દિવસ દરેક મેટરોમા યથાવત સ્થિતિ જાળવી રાખવા માટે રાજકોટ જિલ્લાની તમામ અદાલતોના ન્યાયધીશ ઓને બાર એસો.ના પ્રમુખ બકુલભાઈ રાજાણી ઉપપ્રમુખ સુરેશભાઈ ફળદુ તથા સેક્રેટરી પી. સી. વ્યાસ દ્વારા વિનંતી કરવામાં આવી છે.

## ભારે વરસાદને કારણે રાજકોટ રેલવે ડિવિઝનમાંથી પસાર થતી કેટલીક ટ્રેનોને અસરઃ રેલવે તંત્રે મુસાફરો માટે બસો અને ફૂડ પેકેટની વ્યવસ્થા કરી

### ૧૨ ટ્રેનો રદ કરવામાં આવી, ૨૧ ટ્રેનો આંશિક રદ





પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન અને વડોદરા ડિવિઝનમાં ભારે વરસાદ અને પાણી ભરાવાને કારણે રાજકોટ ડિવિઝન માં થી પસાર થતી કેટલીક વધુ ટ્રેનોને અસર થઈ છે. રાજકોટ ડિવિઝન ના ભીમરાણા–દ્વારકા–ગોરીંઝા સેક્શનમાં ભારે વરસાદ અને પાણી ભરાવાને કારણે ઘણી ટ્રેનો ખંભાળિયા ખાતે શોર્ટ ટર્મિનેટ કરવામાં આવી હતી. આવી કપરી પરિસ્થિતિમાં મુસાફરોને મદદરૂપ થવા માટે રેલવે પ્રશાસન દ્વારા સ્થાનીય પ્રશાસન ની મદદ થી જયપુર–ઓખા એક્સપ્રેસ, ભાવનગર–ઓખા એક્સપ્રેસ અને મુંબઈ સેન્ટ્રલ–ઓખા સૌરાષ્ટ્ર મેલ ના મુસાફરો માટે કુલ ૧૫ બસોની વ્યવસ્થા કરવામાં આવી હતી જેમાં ખંભાળિયાથી ૯ અને દ્વારકાથી ૬ બસો દોડાવવામાં આવી હતી જેમાંથી ૧૦૧૦ જેટલા મુસાફરોને તેમના ગંતવ્ય સ્થાને લઈ જવામાં આવ્યા હતા. ઉપરાંત રેલવે પ્રશાસન દ્વારા ખંભાળિયા સ્ટેશન પર મુસાફરોને ફૂડ પેકેટ અને દ્વારકા સ્ટેશન પર મુસાફરોને ફ્રુટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## શાંતિધામ ગેઈટ પાસે બે યુવાનો સાથે ત્રિપુટીએ ઝઘડો કરી છરી-સળિયા વડે હુમલો કર્યો

શાપરના શાંતિધામ ગેઈટ નં ૨ પાસે બે યુવાનો સાથે ત્રણ શખસોએ ઝઘડો કરી છરી વડે હુમલો કરી સળીયા વડે માર મારતા ઈજાગ્રસ્ત બે યુવાનોને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.બનાવ અંગે શાપર પોલીસે ત્રિપુટી સામે ગુનોં નોંધવા તજવીજ હાથ ધરી છે. શાંતિધામ ગેઈટ નં ૨ પાસે રહેતા વનરાજ ગોવિંદભાઈ પરમાર ઉ.વ. ૨૪ તથા અશ્વિન વાલજીભાઈ દુડા બન્ને યુવાનો ગત.તા.૨૮ ના રાત્રિના સાડા નવેક વાગ્યાની આસપાસ ગેઈટ પાસે આવેલી પાનની દુકાન પાસે હતા. ત્યારે સામે વાળા આશીષ ઉર્ફે દુડી, બાંદરો, સંદીપ અને લક્કી તેમજ તેની સાથેના અજાણ્યા શખસોએ ઝઘડો કરી છરી વડે હુમલો કરી સળીયા વડે માર મારતા વનરાજને છાતી અને પેટના ભાગે તથા અશ્વિનને પીઠના ભાગે ગંભીર ઈજા પહોંચતા તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે નોંધ કરી શાપર પોલીસને જાણ કરતાં જમાદાર મુકેશ ડાભી સહિતના દોડી જઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

## સોશ્યલ મિડિયામાં કાર વેચવાના બહાને ૧૨ લાખ પડાવનાર નોઈડાનો ભેજાબાજ શખ્સ ઝડપાયો

ફેસબુકમાં ઓછી કિંમતે કાર લે–વેચ કરવાની જાહેરાત આપી લોકોને છેતરનાર નોયડાના ભેજાબાજની રાજકોટ સાયબર પોલીસે ધરપકડ કરી છે. માહિતી મુજબ રાજકોટમાં રહેતા વેપારીએ ફેસબુકમાં ઓછી કિંમતની કાર વેચવાની જાહેરાત જોઈ હતી. અને લાખ પડાવી કાર ન આપતા તેઓએ સાયબર પોલીસમાં ફરિયાદ નોંધાવતા પીઆઈ એમ.એ.ઝણકાત અને તેમની ટીમે તપાસ કરી છેતરપિડી કરનાર નોયડા ખાતે રહેતા મનોજ રોહતાસ ચૌહાણની ધરપકડ કરી છે.

## શહેરમાં ભારે વરસાદ વચ્ચે પોલીસ ખડેપગે: ૨૦૦૦થી વધુ લોકોના રેસ્કયુ કરાયા

### આજી નદીના કાંઠે વસેલા જંગલેશ્વરમાં ઘૂસેલા વરસાદી પાણીએ સર્વત્ર વિનાશ વેરી દીધોઃ કાચા–પાકા મકાનો તૂટી ગયા : ઘરવખરી વેર–વિખેર : ભારે ખાના ખરાબીના દ્રશ્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં છેલ્લા ત્રણ દિવસથી અવિરત વરસાદ વરસી રહ્યો છે ત્યારે લોકોની સલામતી અર્થે પોલીસ પણ મેદાનમાં ઉતરી હતી પોલીસે ટ્રાફિક સોલ્યુશન માટે નહી પરંતુ લોકોને એલર્ટ કરવા સીટી વગાડી જંગલેશ્વરમાંથી ત્રણ દિવસમાં ૨૦૦૦થી વધુ લોકોને રેસ્ક્યુ કરી સલામત સ્થળે ખસેડયા હતા વરસાદી પાણી ઉતરતા જ વિસ્તારમાં વિનાશના દ્રશ્યો સામે આવ્યા હતા કાચા–પાકા મકાનો તૂટી ગયા હોવાનું અને ઘર વકરી પણ ધોવાઈ ગઈ હોવાનું જાણવા મળ્યું છે.



રાજકોટના આજી નદીકાંઠે આવેલ જંગલેશ્વર વિસ્તારમાં મોટા ભાગે પરપ્રાંતીય શ્રમિકો રહેતા હોય ભારે વરસાદને લીધે ગમે ત્યારે પૂરની પરિસ્થિતિ સર્જાય તેવી શક્યતા હોવાથી ડીસીપી સજ્જનસિંહ પરમાર, ભક્તિનગર પોલીસ મથકના પીઆઈ સરવૈયા, નીલેશભાઈ સહિતનો સ્ટાફ પ્રથમ વરસાદે દોડી ગયો હતો અને મોડી રાત્રે સીટી વગાડી ત્રણ દિવસમાં ૨૦૦૦થી વધુ લોકોને રેસ્ક્યુ કરી શાળા નંબર ૭૦માં આશરો આપ્યો હતો શાળા નંબર ૭૦માં પણ પાણી ભરાઈ જતા ફરી પોલીસ કાફલો દોડી ગયો હતો અને ત્યાંથી બહાર કાઢી શાળા નંબર ૫૮ અને શાળા નંબર ૬૮માં તેમજ મેહુલનગર અને નીલકંઠનગરમાં સ્થળાંતરીત કરવામાં આવ્યા હતા ચોથા દિવસે વરસાદી પાણીનું નિકાલ થતા લોકો પરત પોતાના ઘરે પહોચ્યા હતા.

પરંતુ ત્યાં શ્રમિકોના ઘર નહિ પરંતુ સર્વત્ર તારાજીના દ્રશ્યો જોવા મળ્યા હતા અમુક પરિવારોના કાચા–પાકા મકાનો ધોવાઈ ગયા હતા જયારે અમુક પરિવારોની જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ સહિતની ઘર વકરી રસ્તા ઉપર તરતી વેર વિખેર હાલતમાં જોવા મળી હતી વરસાદે વિનાશ વેરી દેતા ગરીબ પરિવારો નોધારા બનીગયા હતા.

## આજી, ભાદર, ન્યારી સહિત સૌરાષ્ટ્રનાં ૮૩ પૈકી ૭૨ ડેમો ઓવરફલો

### રાજકોટ જિલ્લાનાં ૨૭માંથી ૨૬, મોરબીમાં ૧૦માંથી ૭, જામનગરનાં ૨૧માંથી ૧૯, દ્વારકામાં ૧૨ પૈકી ૧૧ અને સુરેન્દ્રનગરનાં ૧૧ પૈકી ૯ ડેમો છલોછલ

**મુખ્ય સમાચાર,રાજકોટ**


છેલ્લા ચાર દિવસથી સૌરાષ્ટ્ર-ગુજરાતનો મેઘરાજાએ ધમરોળી નાંખ્યુ છે અને ભારેથી અતિભારે વરસાદ સર્વત્ર પાક-પાણીની સમસ્યાને હલ કરી દીધી છે. ખાસ કરીને રાજકોટ શહેર સહિત સૌરાષ્ટ્રની વાત કરીએ તો મેઘરાજાએ ભારે કૃપાથી પીવાના પાણી અને પાકની સમસ્યા સંપૂર્ણ હલ કરી દીધી છે અને રાજકોટ જિલ્લાનાં ૨૭ સહિત રાજકોટ સિંચાઈ વર્તુળ હેઠળનાં પાંચ જિલ્લાનાં ૮૩ ડેમો પૈકી ૭૨ ડેમો ઓવરફલો કરી દીધા છે. આમ રાજકોટ અને સૌરાષ્ટ્રની પાણીની સમસ્યા ભારે વરસાદમાં તણાઈ ગઈ છે.



દરમ્યાન રાજકોટ સિંચાઈ વિભાગના ફલડ સેલના સુત્રોમાંથી પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ રાજકોટ સિંચાઈ વિભાગ હેઠળ આવતા રાજકોટ, મોરબી, જામનગર, દ્વારકા અને સુરેન્દ્રનગર જિલ્લાનાં મોટા ભાગનાં ડેમો આજની સ્થિતિએ ઓવરફલો થઈ રહ્યા છે.

રાજકોટ સિંચાઈ વિભાગ હેઠળનાં ૮૩ ડેમો પૈકી ૭૨ ડેમો આજની સ્થિતિએ ઓવરફલો થઈ ગયા છે અને રાજકોટ, ગોંડલ, જેતપુર, ધોરાજી, ઉપલેટા સહિતનાં તાલુકા મથકો માટે જીવાદોરી સમાન ભાદર–૧ ઉપરાંત રાજકોટના આજી–૧, ન્યારી–૧ ડેમ પણ સતત ઓવરફલો ચાલુ છે. આથી રાજકોટ શહેર અને જિલ્લાની જળ સમસ્યા પણ સંપૂર્ણ હલ થઈ ગઈ છે. સિંચાઈ વિભાગનાં સુત્રો અનુસાર રાજકોટ જિલ્લાનાં ૨૭ પૈકી ૨૬ ડેમો ઓવરફલો થઈ રહ્યા છે. જયારે મોરબી જિલ્લાનાં મચ્છુ ૧–૨ સહિત ૧૦ પૈકી ૭ ડેમો ઓવરફલો થઈ રહ્યા છે. તેમજ જામનગર જિલ્લાનાં ૨૧માંથી ૧૯ ડેમો ઓવરફલો થઈ રહ્યા છે અને દ્વારકા જિલ્લાનાં ૧૨માંથી ૧૧ ડેમો તથા સુરેન્દ્રનગર જિલ્લાનાં ૧૧માંથી ૯ ડેમો ઓવરફલો થઈ રહ્યા છે. આ ઉપરાંત પોરબંદરનો સોરઠી અને અમરેલીનો સાંકરોલી ડેમ પણ ઓવરફલો થઈ રહ્યો છે.

## સૌરાષ્ટ્રમાં જન્માષ્ટમી તહેવારોમાં જળપ્રલયઃ રજાના દિવસોમાં ફરી લોકડાઉન





(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર,રાજકોટ**

કુદરતની સામે કોનું ચાલે આ કહેવત હાલ રાજકોટ, જામનગર સહિત સૌરાષ્ટ્રમાં વરસી રહેલા અનરાધાર વરસાદ માટે યોગ્ય ગણાય છે. રાજકોટમાં આ સીઝનમાં નોંધપાત્ર વરસાદ વરસ્યો જ નહોતો ત્યારે સૌ કોઈ શહેરમાં વરસાદ વરસે તેની રાહ જોઈ રહ્યા હતા પરંતુ આ સમયે કે જ્યારે એવું મનાય છે કે અડધું રાજકોટ જન્માષ્ટમી (સાતમ આઠમ) દરમ્યાન બહારગામ જતું હોય છે સૌરાષ્ટ્રમાં આજુ બાજુના ફરવાલાયક કે ધાર્મિક સ્થળો પર જતું હોય છે. ત્યારે સાતમ થી મેઘરાજાએ જે રીતે જમાવટ કરી હતી કે તમામ પ્રકારના આયોજનોને અસર થઈ. માત્ર બે થી ત્રણ દિવસમાં ૨૫ ઈંચ થી વધુ વરસાદને પગલે અનેક હાઈવે બંધ થયા. રેલ અને બસ સેવાને અસર થઈ અને ખોરવાયા હતા. તો તે સમયે જેને આગોતરા આયોજન કર્યા હતા તેને ખૂબ અસર થઈ હતી. જે લોકો બહારગામ ગયા અને પરત આવવા માંગતા હોય તેને તકલીફ પડી તો અનેક લોકો સેવાઓ ખોરવાયા હોવાને કારણે આયોજનો રદ કરવા પડ્યા હતા. મોટાભાગના સૌરાષ્ટ્રવાસીઓ જન્માષ્ટમીના લોકમેળામાં અથવા બહારગામ હોય છે. ત્યારે આ વર્ષે બંને આયોજનો રદ થયા છે. આ વર્ષે રાજકોટ ધરોહર લોકમેળાને તો પેહલે થી જ એક પ્રકારનું ગ્રહણ લાગ્યું હોય તેનું લાગતું હતું. પહેલા તો લોકમેળા માટે કોઈ સ્ટોલ નહોતા લેતા, ત્યારબાદ તે બધું પાર પડ્યું તો હાઈકોર્ટ તરફથી કડક વલણ અને એસ.ઓ.પીના પલનને લઈને મોટી રાઈડ્સ ચાલુ ન થઈ. મેળાનું ઉદઘાટન તો થયું પરંતુ રાઈડ્સ વગરનો મેળો ફિક્કો શરૂ થયો જે ખુદ પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પણ સ્વીકાર્યું. છઠના શરૂ થયા બાદ સાતમથી જ એવો અનરાધાર વરસાદ વરસ્યો કે સંપૂર્ણ રેસ કોર્સ ગ્રાઉન્ડ જાણે એક સ્વિમિંગ પુલ બની ગયું. આ વરસાદ નોમ સુધી અવિરત ચાલતો રહ્યો અને તેથી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નિર્ણય બાદ લોકમેળો રદ કરાયો અને તમામ સ્ટોલ ધારકોને ડિપોઝિટ અને ભાડા રકમ પૂરી પરત કરાશે. જોકે કલેક્ટર તંત્રને આ મેળો ઊભો કરવા માટે રૂ.૨ કરોડનો ખર્ચ થશે.

## સરગમ કલબ અને કલાવંતીબેન ભૂપતલાલ માઉંના સયુંકત ઉપક્રમે દિવ્યાંગો માટે ત્રિ-દિવસીય જયપુર ફૂટ કેમ્પ યોજાશે

### કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ તા.૧ના રોજ સીધા સ્થળ પર પહોચવું દર્દીઓએ પોતાનું ઓળખ પત્ર તેમજ ડોકટરના સર્ટીફીકેટની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સાસ્કૃતિક,સામાજિક અને તબીબીક્ષેત્રમાં અગ્રેસર રહેનાર સરગમ કલબ શહેરમાં જયપુર ફૂટકેમ્પના રૂપમાં વધુ એક સેવાકેન્દ્ર ચલાવી રહેલ છે. સરગમ કલબ અને માતૃશ્રી કલાવંતીબેન ભૂપતલાલ માઉં અને કમાણી ફાઉન્ડેશનનાં સયુંકત ઉપક્રમે તા.૧/૦૯/૨૦૨૪ રવિવાર થી ૩/૦૯/૨૦૨૪ ના રોજ આ જયપુર કેમ્પ યોજાશે. કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના ફોટોવાળુ સરકાર માન્ય ઓળખપત્ર આધાર કાર્ડ અને ડોક્ટરનું વિકલાંગ સર્ટીફીકેટની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે.સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના જણાવ્યા અનુસાર, આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે. આ કેમ્પ તા.૧/૦૯/૨૦૨૪ થી ૩/૦૯/૨૦૨૪ સુધી સપ્ટેમ્બર માસ નાં રોજ યોજાશે. જેની ખાસ નોંધ લેવી. આ કેમ્પનો લાભ લેવા ઈચ્છતા લોકોને તા ૦૧/૦૯/૨૪ રવિવાર ના રોજ સવારે ૮/૦૦ કલાકે ખાસ સરગમભવન, જામટાવરરોડ, નવી કલેકટર કચેરીની બાજુમાં, રાજકોટ. ફોન નં.૦૨૮૧-૨૪૫૭૧૬૮ ખાતે દર્દીઓએ રૂબરૂ હાજર રહેવા જણાવાયું છે. આ ઉપરાંત જે લોકો અગાઉ સાધનો લઈ ગયા છે. અને તેઓને રીપેરીંગ કરાવવાનું હોઈ તેઓએ પણ તા.૧/૦૯/૨૦૨૪ ના રોજ સવારે ૮/૦૦ ખાસ ઉપસ્થિત રહેવું.

આ કેમ્પમાં અમોને મુખ્ય સહયોગ માતૃશ્રી કલાવંતીબેન ભૂપતલાલ માઉં ના પરિવારજનો શીલાબેન શૈલેષભાઈ માઉં, પ્રિયાંશી હર્ષિલ માઉં, પ્રીતિબેન વિરેન્દ્રભાઈ શાહ, દેવાંશી, કાવ્ય નો સહયોગ મળેલ છે.

આ કેમ્પની સફળતા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તથા કમાણી ફાઉન્ડેશનનાં માર્ગદર્શન હેઠળ સરગમ સેવા કેન્દ્રના ચેરમેન અરવિંદભાઈ પટેલ તથા શીલાબેન શૈલેષભાઈ માઉં, કમાણી ફાઉન્ડેશનના દીપકભાઈ કમાણી તેમજ રશ્મીભાઈ કમાણી જહેમત ઉઠાવે રહ્યા છે.


MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# રાજકોટ શહેર-જિલ્લામાં ભારે વરસાદથી તારાજીઃ ઠેકઠેકાણે પાણી.. પાણી..: બેના મોત









(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજ્યભરમાં મેઘ તાંડવ સર્જાયું છે. ત્યારે નાના ગામડાથી લઈ મોટા શહેરો પાણીમાં ગરકાવ થઈ ગયા છે અને લોકો હાલાકીનો સામનો કરી રહ્યા છે. ત્યારે સતત ત્રણ દિવસથી વરસી રહેલા વરસાદમાં રાજ્યમાં ૧૫ લોકોના મોત નીપજ્યા છે. ત્યારે રાજકોટમાં ભારે વરસાદના પગલે પત્ની સાથે સ્થળાંતર કરતા પ્રૌઢ અને જેતપુરના રૂપાવટી ગામે યુવક વરસાદી પાણીમાં તણાતા મોત નિપજ્યાની ઘટના પ્રકાશમાં આવી છે. યુવક અને પ્રૌઢના મોતથી બંને પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં કેનાલ રોડ ઉપર લલુડી વોકળી પાસે રહેતા અને ફેરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા અશ્વિનભાઈ ભગવાનભાઈ તન્ના નામના ૪૫ વર્ષના પ્રૌઢ પોતાના ઘર પાસે હતા. ત્યારે ધોધમાર વરસાદના વહેતા પાણીના વહેણમાં તણાયા હતા અને અશ્વિનભાઈ વહેતા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. આ ઘટના અંગે જાણ થતાં ૧૦૮ અને ફાયર બ્રિગેડનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો. અને રેસ્ક્યુ કરી બેભાન હાલતમાં તાત્કાલિક ૧૦૮ મારફતે સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમની સારવાર કાર્યક્રમ કારગત નીવડે તે પૂર્વે જ ફરજ પરના તબીબે જોઈ તપાસી મૃત જાહેર કરતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી. આ ઘટના અંગે જાણ થતા ભક્તિનગર પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો અને પ્રૌઢના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મેડિકલ કોલેજ ખાતે ખસેડયો હતો.

પ્રાથમિક પૂછપરછમાં મૃતક અશ્વિનભાઈ પત્નિ લીલાબેન સાથે રહેતાં હતાં. તેમને સંતાન નથી. તેઓ ફેરી કરી પરિવારનું ગુજરાન ચલાવતાં હતાં. આગલી રાતે જ સગા સંબંધીઓએ તેમને ઘર છોડીને નીકળી જવા કહ્યું હતું. પરંતુ રાતે નીકળી શકાય તેમ ન હોઈ સવારે તેઓ સગાના ઘરે જવા નીકળ્યા ત્યારે આ બનાવ બન્યો હતો. આ ઉપરાંત જેતપુર તાલુકાના રૂપાવટી ગામમાં ૨૭ વર્ષીય પિયુષ સાદીયાનું વરસાદી પાણીમાં તણાઈ જવાને કારણે મોત નિપજયું છે. યુવકના મોતથી પરિવારમાં અરેરાટી સાથે કરુણ કલ્પાંત સર્જાયો છે ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# મનપાના ઢોર ડબ્બામાં ૨૭ ગાયોના મોતથી જીવદયા પ્રેમીમાં અરેરાટી

## કોંગ્રેસ નેતા અને ભરવાડ સમાજના અગ્રણી સહિતના લોકો દોડી ગયા



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના ઢોર ડબ્બામાં અતિશય વરસાદને લઈ ૨૭ ગાયના મોતનો આરોપ કોંગ્રેસ, પાર્ટીનાં ભરવાડ સમાજના આગેવાનોએ લગાવ્યો વરસાદનાં કારણે છેલ્લા ઢોર ડબ્બામાં ગાયોને આપવામાં ન આવ્યો જણાવ્યું હતું. જોકે, મનપાનાં વેટરનરી ઓફિસરે વિપક્ષનાં આરોપો ફગાવ્યા હતા અને હાલ વરસાદી વાતાવરણનાં કારણે બીમારીથી બે દિવસમાં અલગ-અલગ ૧૧ પશુઓના મોત થયાનું તેમજ તેમાં એકપણ ગાય નહીં હોવાનું જણાવ્યું હતું. આ સાથે દરરોજ બે વખત પશુઓને પૂરતો ઘાસચારો અપાતો હોવાનો દાવો કર્યો હતો.

કોંગ્રેસના નેતા અને ભરવાડ સમાજના આગેવાન રણજીત મૂંધવાનાં જણાવ્યા મુજબ તંત્રની બેદરકારીને કારણે મનપાનાં ઢોર ડબ્બામાં ૨૭ ગાયોનાં મોત થયા છે. આ અંગેની જાણ થતાં પોતે અન્ય આગેવાનો સાથે ત્યાં દોડી ગયા હતા. જેમાં ત્રણ દિવસથી ગાયને ઘાસચારો નહીં અપાયો હોવાને કારણે ગાયો ટ્રેક્ટરના વાયર ખાવા મજબૂર થઈ હોવાનું જોવા મળ્યું હતું. જીવદયા ટ્રસ્ટના પ્રમુખને પૂછતાં તેમણે મહાનગરપાલિકા દ્વારા દરરોજ એક વખત ગાય સહિતના પશુઓને ઘાસચારો અપાતો હોવાનું જણાવ્યું હતું. તંત્રની ઘોર બેદરકારી અંગે રણજીત મુંધવાને જાણ થતા કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ભરવાડ સમાજના આગેવાનો ઢોર ડબ્બે પહોંચી ગયા હતા ત્યાંની દૈનિક પરિસ્થિતિ જોઈ હિન્દુઓને લાગણી દુભાઈ એવા દ્રશ્યો હદય દ્રાવક દ્રશ્યો જોઈ સારા સારા લોકોની આંખોમાંથી આંસુ ચાલ્યા જાય. ઢોર ડબ્બાનાં પશુઓને રોજ નીણ (ઘાસચારો) આપવા જેટલો દંડ મહાપાલિકા વસુલ કરે છે તેમજ જીવદયા ટ્રસ્ટ દ્વારા પશુના નિભાવ માટે ગાયદીઠ રૂ. ૫૫નો ખર્ચ વસુલવામાં આવે છે તેમછતાં ગાયોને પૂરતા પ્રમાણમાં નીણ આપવામાં આવતું નથી. જેને કારણે એક પછી એક ગાયોનાં મોત થઈ રહ્યા છે. ત્યારે આવા ટ્રસ્ટને લોકોએ પણ ફાળો આપવો જોઈએ નહીં તેમજ પશુઓને દરરોજ સમયસર અને પૂરતા પ્રમાણમાં ઘાસચારો આપી તેની યોગ્ય સંભાળ લેવાની માંગ પણ તેમણે કરી હતી.

જયારે મનપાનાં વેટરર્નરી ઓફિસર ડો. જાકાસણીયાએ આ અંગે જણાવ્યું હતું કે, છેલ્લા ૭ દિવસમાં ૨ વાછડી તેમજ ૯ વાછરડા સહિત ૧૧ પશુના મોત નીપજ્યા છે. એકપણ ગાયનું મોત થયું નથી. સામાન્ય દિવસોમાં પણ દરરોજ બે-ત્રણ પશુનાં અહીં બીમારીનાં કારણે મોત નીપજતા હોય છે. વરસાદનાં સમયમાં પશુઓ પલળતા હોવાના કારણે ક્યારેક વધુ પશુઓનાં મોત થાય છે. હાલમાં જે વાછરડા અને વાછડીઓના મોત થયા છે તે પ્રથમથી જ કુપોષિત હોવાને કારણે બીમારીથી મોતને ભેંટયા છે. ઢોર ડબ્બામાં સામાન્ય રીતે વૃદ્ધ, બીમાર અને અશક્ત પશુઓ જ હોય છે. સ્વસ્થ અને દુધાળા પશુઓને તો લોકો દંડ ભરી છોડાવી લેતા હોય છે. જેને લઈને હાલ આવા ૧૧૦૦ જેટલા પશુ મનપાનાં ઢોર ડબ્બામાં છે. આ તમામ પશુઓને દરરોજ બે વખત પૂરતા પ્રમાણમાં નીણ (ઘાસચારો) આપવામાં આવે છે અને શક્ય તેટલી તમામ સારસંભાળ લેવાતી હોવાનો દાવો પણ તેમણે કર્યો હતો.

# કુવાડવા રોડ પર મેંગો માર્કેટ પાસે કરોડોની જામીન પ્રકરણમાં ૭ ભૂમાફિયાઓ સામે ગુન્હો નોંધવા હાઈકોર્ટનો હુકમ

## અજ્ઞાનતાનો લાભ લઈ ખેડૂતની સહિઓ કરાવી લીધી, ૨૫ કરોડની જમીન સસ્તામાં પડાવી લેવા કાવતરું ઘડાયુ હતુંઃ માલિકને જમીનમાં જતા અટકાવી ભાગિયાને હડધૂત કર્યાનો આક્ષેપ



**મુખ્ય સમાચાર,રાજકોટ**

કુવાડવા રોડ પર મેંગો માર્કેટ પાછળ આવેલી જમીનમાંથી સીસીટીવી ચોરી થયાની ફરિયાદ નોંધાયા બાદ ફરિયાદી સહીત સાત સામે હાઈકોર્ટે મૂળ માલિકની અજ્ઞાનતાનો લાભ લઈ સહીઓ કરાવી લઈ કાવતરૂ રચી કીમતી જમીન સસ્તામાં પડાવી લેવા અંગે ફરિયાદ નોંધવા હુકમ કર્યો છે.

શહેરના જીવરાજ પાર્કમાં રાધે એપાર્ટમેન્ટમાં રહેતા દિલીપભાઈ કરશનભાઈ મકવાણાએ સંજય ઘાટલીયા, રસિક ભલગામા, દિનેશ ચૌહાણ, મનસુખ તલસાણીયા, હંસાબેન કોશીયા, પ્રફુલ નડીયાપરા અને ગોવિંદ લાઠીયા સામે અગાઉ કરેલી અરજી આધારે ગુનો નોંધવાની માંગ સાથે હાઈકોર્ટમાં અરજી કરી હતી જેમાં જણાવ્યું હતું કે પોતે અશિક્ષિત હોય રેવન્યુ સર્વે નંબર ૩૭ પૈકી ૧ તથા ૨ની વારસાઈ જમીન આવેલી છે જેમાં ઉપરોક્ત લોકોએ પૂર્વ આયોજિત કાવતરૂ રચી ઓછી રકમના લાખનો કીમતી જમીન પચાવી પાડવા છેતરપીંડી કરેલ છે ૧/૨/૨૩ના દોઢ કરોડ મળી ગયેલ છે તેવા લખાણમાં સહી કરાવી લીધી હતી બાદમાં જમીન વિવાદી બનાવવા કોર્ટમાં ખોટો દાવો કરેલ હતો ૨૦૨૨માં અજ્ઞાનતાનો લાભ લઈ ૨૫ કરોડથી વધુની જમીન ૯ કરોડમાં લખાવી લીધી છે જયારે એકરના ૪.૫૫ કરોડ લેખે ૨૨.૨૧ કરોડનું લખાણ કરી અમારી સહી કરાવી લીધી હતી માથાભારે અને રાજકીય વગ ધરાવતા હોય ખોટા વિવાદ ઉભા કરી બજાર કીમત મુજબની રકમ ચૂકવવા હાથ ઊંચા કરી લીધા હતા ૨/૬/૨૪ના હું જમીન પર જતા મનેઅટકાવ્યો હતો મને અંધારામાં રાખી બિનખેતી પ્રક્રિયા કરતા મેં અરજી કરી અટકાવી હતી અમારા ભાગિયાને પણ જ્ઞાતિ પ્રત્યે હડધૂત કર્યા હતા અમે બબ્બે ફરિયાદ કરી હોય તપાસ ક્રાઈમ બ્રાંચને સોપતા ત્યાં સામાવાળા માલિકીના આધારો રજુ કરી શક્યા ન હતા જયારે મારી સામે અટકાયતી પગલા લેવામાં આવ્યા હતા આ અરજી સંદર્ભે બીએનએસ કલમ ૨૨૩ મુજબ ગુનો નોંધવા હાઈકોર્ટે હુકમ કર્યો છે.

# ન્યુ રામેશ્વર સોસાયટીમાં તસ્કરોના પરોણા માત્ર ૧૬ મિનિટમાં જ રૂા. ૫.૮૫ લાખની ચોરી!



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં તહેવારોની રજા અને વરસાદને કારણે લોકો ઘરમાં જ રહેવા મજબૂર બન્યા છે આમ છતાં તસ્કરો માટે કોઈ પ્રકારની રજા હોય તેવું લાગી રહ્યું છે. ભક્તિનગર પોલીસ મથક વિસ્તારમાં આવેલી ન્યુ રામેશ્વર સોસાયટી શેરી નં.૬માં નાલંદા સ્કૂલ પાસે આવેલા એક મકાનમાં બે તસ્કરોએ નાના બાળકને સાથે રાખી માત્ર ૧૬ મિનિટની અંદર ૫.૮૫ લાખની ચોરીને અંજામ આપતાં પોલીસમાં દોડધામ મચી જવા પામી છે.

આ અંગે ગોંડલ રોડ ઉપર ખેતલાઆપા હોટલની બાજુમાં આવેલા વંદના ટ્રેક્ટર નામના શો-રૂમમાં મેનેજર તરીકે નોકરી કરતાં દર્શનભાઈ ભાવેશભાઈ જાદવે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે બુધવારે વહેલી સવારે ૪:૫૩ વાગ્યે તેના ભાઈ આકાશનો ફોન આવ્યો હતો અને મને નીચે આવવાનું કહ્યું હતું. આ પછી હું ? ઉપરના રૂમમાંથી નીચે હોલમાં આવ્યો ત્યારે આકાશ અને મારા ? મમ્મી હાજર હતા. આકાય કહ્યું કે મંગળવારે રાત્રે ૧૧:૩૦ વાગ્યા ? આસપાસ તે બહાર નાસ્તો કરવા ગયો હતો અને વહેલી સવારે ? ૪:૫૦ વાગ્યે ઘેર આવ્યો હતો ત્યારે ઘરના દરવાજાના આંકળીયા ખુલ્લા હતા. આ પછી અમે તપાસ કરતાં રસોડામાં લોખંડના કબાટમાં મુકેલી તીજોરી જોતાં તે તૂટેલી હાલતમાં જોવા મળી હતી અને તેમાંથી સોના-ચાંદીના દાગીના તેમજ ૩૦,૦૦૦ હજારની રોકડ મળી ૫.૮૫ લાખની મત્તા ગાયબ થઈ ગઈ હતી. આ પછી ઘરની બાજુના મકાનના સીસીટીવી ચેક કરતાં તેમાં ૨૮-૮ના મોડીરાત્રે ૧૨:૩૩ વાગ્યે એક મોટર સાયકલ ઉપર ત્રણ વ્યક્તિ વિધાનગર મેઈન રોડ પર ન્યુ મકાનમાં તસ્કરો ત્રાટક્યા ચોરી સીસીટીવીમાં કેદ તુરંત જ શેરીના ખૂણા પાસેથી પાછા જતાં જોવા મળે ? છે. એકાદ મિનિટ બાદ સ્પ્લેન્ડર જેવું બાઈક રાખીને ચાલીને આવે છે અને ઘરના મુખ્ય દરવાજાને સળિયા જેવી વસ્તુથી તોડી રહ્યા છે. આ વેળાએ તેમની સાથે એક નાનું બાળક પણ જોવા મળી રહ્યું છે. ૧૨:૪૯ વાગ્યે આ ત્રણેય ઘરમાંથી બહાર નીકળે છે અને મોટર ( સાઈકલ હંકારીને નીકળી રહેલા જોવા મળી રહ્યા છે.

# ધોધમાર વરસાદ વચ્ચે વાંકાનેરના પંચાસિયા ગામે રૂા.૮૦.૬૩ લાખના દારૂ ભરેલા ટ્રક સાથે એકની ધરપકડ

## દારૂના કટીંગ ટાણે પોલીસ ત્રાટકીઃ ૨૭,૮૪૦ બોટલ દારૂ ઝડપાયો







**મુખ્ય સમાચાર,રાજકોટ**

વાંકાનેર તાલુકાના પંચાસિયા ગામની સીમમાં ચાલુ વરસાદે ચાલતા વિદેશી દારૂના કટીંગ ટાણે પોલીસે દરોડો પાડી વિદેશી દારૂ ભરેલ ટ્રક સહિત ૮૦.૬૩ લાખના મુદ્દામાલ સાથે એક શખ્સને ઝડપી લીધો છે. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ વાંકાનેર તાલુકા પીએસઆઈ એલ. એ. ભરગા, એએસઆઈ ચમનભાઈ ચાવડા, કો. સંજયસિંહ જાડેજા તથા લોક રક્ષક અજયસિંહ ઝાલાને મળેલ ચોક્કસ ખાનગી બાતમીને આધારે વાંકાનેર તાલુકા પોલીસ ટીમે વાંકાનેરના પંચાસીયા ગામની સીમમાં વાંકીયાથી જડેશ્વર તરફ જતાં કાચા રસ્તા પર દરોડો પાડી વિદેશી દારૂ ભરેલ અશોક લેલેન્ડ બંધ બોડીના ટ્રૂક નં. છઉં ૧૮ઈ૦૮૯૪ માંથી વિદેશી દારૂની નાની મોટી ૨૭,૮૪૦ બોટલો (કિંમત રૂ. ૫૬,૬૩,૧૦૦) તથા ટ્રક સહિત કુલ રૂ. ૮૦,૬૩,૧૦૦ ના મુદ્દામાલ સાથે આરોપી યાસીનભાઈ રહીમભાઈ સમા (ઉ.વ. ૩૧, રહે. રાજકોટ) ને ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. વાંકાનેર તાલુકાના પંચાસીયા ગામની સીમમાં વિદેશી દારૂ ભરેલ ટ્રકનું કટીંગ થાય તે પહેલા જ વાંકાનેર તાલુકા પોલીસે સ્થળ પર દરોડો પાડી ટ્રકમાંથી વિદેશી દારૂની ૨૭,૮૪૦ નંગ બોટલો સહિત કુલ રૂ. ૮૦.૬૩ લાખનાં મુદ્દામાલ સાથે એક શખ્સને ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. વાંકાનેર તાલુકા પોલીસ ટીમની આ કામગીરીમાં પીએસઆઈ એલ.એ. ભરગા, હેડ કો. ક્રિપાલસિંહ ચાવડા, એએસઆઈ ચમનભાઈ ચાવડા, હેડ કો. અરવીંદભાઈ બેરાણી, ભીખુભાઈ વાળા, હેડ કો. ૠતુરાજસિંહ જાડેજા, મહેશદાન ઈસરાણી, કો. સંજયસિંહ જાડેજા, વિજયભાઈ ડાંગર, સ્વિભાઈ ક્લોત્રા, દિનેશભાઈ લોખીલ તથા લોકરક્ષક અજયસિંહ ઝાલા સહિતના જોડાયા હતા. વાંકાનેર તાલુકા પોલીસ ટીમની આ સફળ કામગીરી બાદ પોલીસે આ બનાવમાં પ્રાથમિક તપાસ હાથ ધરી ટ્રક ચાલક આરોપી તથા વિદેશી દારૂનો જથ્થો મંગાવનાર આરોપીઓ તથા રેકી/પાયલોટીંગ કરવામાં સાથે રહેલ નાશી જનાર આરોપી તથા વિદેશી દારૂનો જથ્થો મોકલનાર આરોપીને ઝડપી લેવા તજવીજ શરૂ કરી છે.

# ગાંધીગ્રામ અને યુનિવર્સિટી વિસ્તારમાં જુગારની મજા બગાડતી પોલીસઃ ૧૫ શકુની પકડાયા



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ રજાના દિવસોમાં જુગાર રસીકોના રંગમાં ભંગ પાડવાનું યથાવત રહ્યું હતું. જુગારના વધુ બે દરીડામાં પોલીસે રૈયા ચોકડી પાસે અને ઈસ્કોન મંદિર પાસે આવાસ ક્વાર્ટરમાં દરોડો પડી જાહેરમાં પત્તા ટીચતા ૧૫ પતાપ્રેમીને ઝડપી લીધા હતાં.

આ બનાવ અંગે પોલીસ માંથી જાણવા મળતી વિગત મુજબ રૈયા ચોકડી પાસે ક્રિસ્મત પાન વાળી શેરીમાં જાહેરમાં જુગાર રમાતો હોવાની બાતમી મળતાં ગાંધીગ્રામ પોલીસે દરોડો પાડી લલીત દામજીભાઈ ગોહેલ, હરસુખ નારણભાઈ ચુડાસમાં, મકબુલ અલ્લારખાભાઈ હેરઝા, જીગ્રેશ ચીમનભાઈ પરમાર, ચિરાગ તુલસીભાઈ ઠકરાર, ઈમરાન જાફીરભાઈ અંસારી, જુનેદ હનીફભાઈ કલાડીયા અને મહેશ બીપીનભાઈ ઠાકરને પકડી લઈ ગંજીપાના તથા રૂ. ૧૦૭૫૦ની રોકડ કબજે લીધી હતી. પીઆઈ બી. ટી. બકબરીની રાહબરીમાં હેડકોન્સ બી.વી. જાડેજા, પ્રદિપભાઈ ડાંગર સહિતે આ દરોડો પાડયો હતો જ્યારે અન્ય દરોડામાં કાલાવડ રોડ પર ઈસ્કોન મંદિર પાસે આદિત્ય ૭૮ કો. ઓપરેટીવ સોસાયટી પ્રધાન મંત્રી આવાસ યોજનાના ક્વાર્ટર એચ વીંગના ૧૪મા માળની લોબીમાં યુનિવર્સિટી પોલીસે દરોડો પાડી જુગાર રમતા જંકીત રમેશભાઈ આરદેસણા, સંજયભાઈ મનસુખભાઈ વાઘેલા, જયપ્રકાશ મગનભાઈ જોષી, સંદિપસિહ રાજેન્દ્રસિંહ ગોહિલ, વિજય ધીરૂભાઈ સભાડ, કાળુ માણસુરભાઈ ખાચર અને જયરાજ રામકુભાઈ ખાચરને પકડી લઈ ગંજીપાના તથા રૂ. ૧૭૨૦૦ કબજે લીધા હતા. પીઆઈ એમ.જી. વસાવાની રાહબરીમાં એએસઆઈ વાય. ડી. ભગત, છત્રપાલસિંહ રાણા સહિતે આ દરોડો પાડયો હતો. બંને દરોડામાં જુગાર રમતા ઝડપાયેલા શકુનિઓ વિરુદ્ધ પોલીસે ફરિયાદ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# અમદાવાદમાં ચકચારી વૈશાલી જોશી આત્મહત્યા કેસમાં હાઈકોર્ટે પીઆઈ ખાચરની જામીન અરજી ફગાવીઃ જેલ હવાલે

**મુખ્ય સમાચાર,રાજકોટ**



અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ પરિસરમાં બાંકડા પર મહિલા તબીબે હાથ પર ઝેરી ઈન્જેક્શન મારી આત્મહત્યા કરી લીધી હતી. જે કેસની પોલીસ તપાસમાં સ્યુસાઈડ નોટ મળી આવી હતી. જેમાં પીઆઈ ખાચરનું નામ સામે આવ્યું હતું. જે મામલે ખાચરે હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી જેનો કોર્ટે ઈનકાર કરીને ખાચરને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા છે.

નોંધનીય છે કે, સમગ્ર મામલે નામ આવતા પીઆઈ ખાચર ભૂગર્ભમાં ઉતરી ગયા હતા. અને કેસના ૧૨૦ દિવસ બાદ ગાયકવાડ હવેલી પોલીસ મથકે હાજર થયા હતા. જ્યા એસપીએ તેમની આઠ કલાક સઘન પૂછપરછ કરી હતી તેમજ પીઆઈ પાસેથી લેપટોપ, મોબાઈલ સહિતના દસ્તાવેજ જપ્ત કર્યા હતા.અગાઉ પીઆઈ ખાચર અને મહિલા તબીબ બંનેના સહમતીથી સંબંધ હોવાની કોર્ટમાં રજૂઆત કરવામાં આવી હતી સાથો સાથ મહિલા તબીબ પીઆઈ ખાચરના લગ્નજીવન અને બાળકો વિશે જાણતી હોવાની પણ રજૂઆત કરાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, આ કેસની સુનાવણી દરમિયાન બંને પક્ષે રજૂઆત અને દલીલ કરી હતી. અને હાઈકોર્ટે અગાઉ પીઆઈ ખાચરને રાહત આપી હતી. જે રાહતથી પીઆઈની ધરપકડ ટળી હતી. પરંતુ હાલ જામીન અરજી ફગાવતા તેમને જ્યુડિશિયલ કુસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે.

# વિજય પ્લોટ અને કોઠારિયા સોલવન્ટ પાસે વીજ શોક લાગતા મહિલા સહિત બેના મોત

રાજકોટમાં ત્રણ દિવસથી ધોધમાર વરસાદ પડી રહ્યો છે. ત્યારે આ વરસાદમાં વીજ શોકથી મહિલા સહીત બેનો જીવ ગયો છે.જેમાં ગોંડલ રોડ નજીક આવેલ વિજય પ્લોટમાં રહેતા ભાવનાબેન નરેન્દ્રભાઈ ડાભી (ઉ.વ.૪૨) નામની મહિલા તેના પરે હતા ત્યારે વીજશોક લાગતાં તેને સારવાર માટે ખસેડતા તેમનું મોત નીપજ્યું હતું. તપાસમાં ભાવનાબેન સવારે ચાલુ વરસાદે ડેલી ખોલવા જતાં વીજશોક લાગ્યો હોવાનું તેના પરિવારજનોએ જણાવ્યું હતું. બીજા બનાવમાં કોઠારિયા સોલવન્ટ પાસેના રેલવે ફાટક પાવર ઈન્ડસ્ટ્રીઝ નામના કારખાનામાં કામ કરતા અને ત્યાં ઓરડીમાં ભાડે રહેતા સુનિલ કુમાર દામોદરભાઈ ચૌહાણ (ઉ.૩૨) તથા તેનો ભાઈ સંદિપ જોગીન્દ્રભાઈ ચૌહાણ (ઉ.૩૦) અને રવિ બિદુભાઈ (ઉ.૨૭) વીજશોક લાગતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા જેમાં ગંભીર રીતે દાઝેલા સુનિલ કુમારનું મોત નીપજતા આજી ડેમ પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી.

# વરસતા વરસાદમાં દારૂ ઢીંચી કારમાં નિકળેલા ચાર નિબીરા પોલીસની ઝપટે ચડયા

રાજકોટમાં વરસતા વરસાદમાં માધાપર ચોકડી પાસે કારમાં દારૂ સાથે નીકળેલા ચાર શખ્સને પોલીસે ઝડપી લીધા હતા જેમાં બે શખ્સ નશાની હાલતમાં હોવાથી તેના વિરુદ્ધ અલગથી ગુનો નોંધાયો હતો આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં વરસતા વરસાદમાં માધાપર ચોકડી ૧૫૦ ફુટ રીંગ રોડ પર ગાંધીગ્રામ પોલીસ પેટ્રોલીંગમાં હતી ત્યારે જીજે૦૩કેસી-૭૭૯૦ નંબરની કારમાં ચારેક શખ્સો શંકાસ્પદ જણાતાં તપાસ કરતાં અંદરથી ૩૦૦ એમએલ દારૂ ભરેલી બોટલ મળી આવતાં ચાર શખ્સો સાગર સુરેશભાઈ કારીયા (રહે. દિપક સોસાયટી-૫ કનૈયા ચોક, રાજકોટ), બંસરાજ બ્રીજવાસીલાલ ગોડ (રહે. ગોવિંદબાગ શાક માર્કેટ ડ્રીમ ઓપેરા કોમ્પલેક્ષ સામે મા વૈષ્ણોદેવી ગોલ્ડ પ્લેટીનમ કારખાનુ), રમેશ હરખાભાઈ ભાગીયા (રહે. મનહર સોસાયટી-૬ પેડક રોડ) અને અનિલ બાબુલાલ મોહરીયા (રહે. પુષ્કરધામ સોસાયટી-૨, બ્લોક નં. ૧ સેટેલાઈટ ચોક મોરબી રોડ)ને પકડી લઈ દારૂનો કેસ કરાયો હતો. તેમજ આ ચાર પૈકી રમેશ ભાગીયા અને બંસરાજ ગોડ દારૂ પીધેલા હોઈ અલગથી ગુનો દાખલ કરાયો હતો. પીઆઈ બી. ટી. અકબરીની રાહબરીમાં પીએસઆઈ એસ. એલ. ગોહિલ, સાવનભાઈ સાંગાણી, પ્રશાંતભાઈ ગજેરા, મુકેશભાઈ સબાડ સહિતે આ કામગીરી કરી હતી.